પેજ 3

## શાહરૂખના ઘર મન્નતમાં બે સાપ દેખાયા, એક 8 ફૂટ લાંબો સાપ પકડાયો



મુંબઈ, તા. 18: શાહરૂખ ખાનના મુંબઈ સ્થિત પ્રખ્યાત બંગલા મન્નતમાં 17 ઓગસ્ટે લોનમાં બે સાપ દેખાયા હતા. સુરક્ષાના અગમચેતીના પગલે તુરંત રેસ્ક્યૂ ટીમ બોલાવવામાં આવી. ટીમે એક સાપ પકડી લીધો છે, જોકે બીજો સાપ હજી પણ બંગલામાં જ છે.રિપોર્ટ મુજબ, સોમવારે રાત્રે આશરે 8 વાગ્યે એક સ્નેક રેસ્ક્યૂઅરને મન્નતની અંદર બે સાપ દેખાયા હોવાની માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ બંગલામાં શોધખોળ શરૂ કરવામાં આવી, જેમાં એક સાપને સુરક્ષિત રીતે પકડી લેવામાં આવ્યો હતો. રેસ્ક્યૂ કરાયેલા સાપની લંબાઈ આશરે 8 ફૂટ હતી. તેની ઓળખ ધામણ તરીકે થઈ, રેસ્ક્યૂનો પ્રયાસ પૂરો સફળ રહ્યો નથી. પરિસરમાં લોકોની અવરજવર શરૂ થતાં બીજો સાપ ભાગી ગયો હતો. મોડી સાંજ સુધી તેની શોધખોળ ચાલુ રહી હતી, પરંતુ તે મળ્યો ન હતો.

## કંગના રનૌત સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યાં



મુંબઈ, તા. ૧૮ :બોલિવૂડ એક્ટ્રેસ અને બીજેપી સાંસદ કંગના રનૌત મંગળવારે મુંબઈના સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યાં હતાં. તેમણે મંદિરમાં ભગવાન ગણેશનાં દર્શન કરીને પૂજા-અર્ચના કરી હતી અને ત્યાં થોડો સમય વિતાવ્યો હતો. મંદિર દર્શન દરમિયાન કંગના પીળી સાડીમાં નજરે પડ્યાં હતાં, જેના પર ગોલ્ડન બોર્ડર હતી. તેમણે આ સાથે મેચિંગ બ્લાઉઝ અને ઓરેન્જ-ગોલ્ડન દુપટ્ટો પહેર્યો હતો. લાલ બિંદી, સિમ્પલ જ્વેલરી અને મિનિમલ મેકઅપથી તેમણે પોતાનો લુક પૂરો કર્યો હતો. મંદિરમાં દર્શન કર્યાં પછી કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. કંગનાએ પોતાની પોસ્ટ દ્વારા જણાવ્યું કે, તેમણે સિદ્ધિવિનાયક મંદિરની સાથે મુંબઈના માતા શ્રી મુંબા દેવી મંદિરનાં પણ દર્શન કર્યાં હતાં.

## પાન મસાલા જાહેરાત બદલ શાહરૂખ, અજય અને ટાઇગર પર ભડક્યા મુકેશ ખન્ના



મુંબઈ, તા. 18: ‘શક્તિમાન’ અને ‘મહાભારત’માં ભીષ્મ પિતામહનું પાત્ર ભજવનાર મુકેશ ખન્નાએ પાન મસાલાની જાહેરાતને લઈને નિવેદન આપ્યું છે. તેમણે શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) તરફથી મળેલી કારણ બતાવો નોટિસનું સમર્થન કર્યું હતું. મુકેશ ખન્નાએ કહ્યું હતું કે, આ કલાકારોએ સાર્વજનિક રીતે માફી માંગવી જોઈએ. તેમણે જાહેરાત પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે, આ કલાકારો બજારમાં ‘કેસરિયા આદાબ’ કરીને ફરી રહ્યા હતા.

મુકેશ ખન્નાએ એક વીડિયો શેર કર્યો છે. જેમાં તેમણે કહ્યું, “સરકાર તરફથી, એફડીએ તરફથી જે ત્રણ મોટા કલાકારો બજારમાં કેસરિયા આદાબ કરીને ફરી રહ્યા હતા, તેમની વિરુદ્ધ નોટિસ મોકલવામાં આવી છે. મને ખુશી થાય છે કે ક્યારેક-ક્યારેક સરકાર મારી વાતો પર ધ્યાન આપે છે, પરંતુ થોડું મોડું ધ્યાન આપે છે.”

# ઈમરાન ખાનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

**ઈમરાનની** આંખની તકલીફને લઈને દાખલ અરજીઓમાં સરકારી હોસ્પિટલોમાં મળતી સારવાર અંગે અસંતોષ વ્યક્ત કરાયો હતો

**ઈમરાનને** આગામી સુનાવણી સુધી ખાનગી હોસ્ટિપટલમાં જ રાખવાનો આદેશ, પરિવાર સાથે મળવાની મંજૂરી અપાઇ

ઈસ્લામાબાદ, તા. 18 (પીટીઆઈ): પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે મંગળવારે જેલમાં બંધ પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને તબીબી તપાસ માટે બે દિવસની અંદર ખાનગી હોસ્પિટલમાં ખસેડવાનો આદેશ આપ્યો છે. જેલ સત્તાવાળાઓએ 73 વર્ષીય ખાનની આંખોની દૃષ્ટિ ‘લગભગ સામાન્ય’ થઈ હોવાનું જણાવ્યાના એક દિવસ બાદ આ આદેશ આવ્યો છે.

આ વર્ષની શરૂઆતમાં આંખની તકલીફ સામે આવ્યા બાદ દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓની સુનાવણી દરમિયાન કોર્ટે આ નિર્દેશ આપ્યો હતો.

અરજદારોમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ના સ્થાપક ખાનને હોસ્પિટલમાં દાખલ કરવાની માગ કરવામાં આવી હતી. તેમણે સરકારી હોસ્પિટલોમાં મળતી સારવાર અંગે સંતોષ ન હોવાનું કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. જસ્ટિસ શાહિદ વાહીદની અધ્યક્ષતાવાળી 3 સભ્યોની બેન્ચે ખાનને આગામી થોડા દિવસોમાં ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં લઈ જવાનો અને આગામી સુનાવણી 16 સપ્ટેમ્બર સુધી તેમને ત્યાં જ રાખવાનો આદેશ આપ્યો. જસ્ટિસ વાહીદે કહ્યું કે કેદીના મૂળભૂત અધિકારોને ધ્યાનમાં રાખીને તેના સ્વાસ્થ્ય અને સુરક્ષા સુનિશ્ચિત કરવા આ આદેશ આપવામાં આવ્યો છે. ઉપરાંત હોસ્પિટલમાં રહેતા દરમિયાન ખાનને દર અઠવાડિયે પરિવાર સાથે એક મુલાકાત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

પૂર્વ ક્રિકેટરથી રાજકારણી બનેલા ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે. જાન્યુઆરીના અંતમાં તેમની આંખની તકલીફ, રાઈટ સેન્ટ્રલ રેટિનલ વેઈન ઓક્લુઝન (CRVO), સામે આવ્યા બાદ આંખની સારવાર માટે તેને ઈસ્લામાબાદની પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (PIMS)માં અનેક વખત લઈ જવાયા હતા.

જેલના સત્તાવાળાઓએ કહ્યું કે તકલીફ સામે આવ્યા બાદ ખાનની યોગ્ય સારવાર કરવામાં આવી હતી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સારવાર બાદ તેમની આંખમાં નોંધપાત્ર સુધારો થયો અને દૃષ્ટિ લગભગ સામાન્ય થઈ ગઈ. જેલ પ્રશાસને ખાનને શ્રેષ્ઠ તબીબી સુવિધા પૂરી પાડવા તમામ પ્રયાસ કર્યા હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે.

કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હોસ્પિટલ બહાર કાયદો અને વ્યવસ્થા ખોરવાવી જોઈએ નહીં અને તેમની પાર્ટી કે સમર્થકો આ મેડિકલ રિપોર્ટનો રાજકીય હેતુ માટે ઉપયોગ નહીં કરે. જો કોર્ટના આદેશોનું ઉલ્લંઘન થશે તો ઈમરાન ખાનને અપાતી સુવિધાઓ પાછી ખેંચી લેવાની ચેતવણી પણ અપાઈ છે.

ખાનની પાર્ટીએ નિર્ણયનું સ્વાગત કર્યું છે અને વરિષ્ઠ નેતા સલમાન અકરમ રાજાએ કાર્યકરો અને સમર્થકોને હોસ્પિટલ બહાર એકઠા ન થવા અપીલ કરી છે.



# પોલેન્ડના એક નાનકડા ગામમાં માતા મેરીની ૧૮૨ ફૂટ ઉંચી પ્રતિમા સ્થપાઇ

**આ** પ્રતિમા યુરોપમાં માતા મેરીની સૌથી ઉંચી પ્રતિમા બની

લિસ્બન, તા. ૧૮: આ શનિવારે ઉદ્ઘાટન કરવામાં આવેલી ૧૮૨ ફૂટ ઊંચી પ્રતિમા મધ્ય પોલેન્ડના કોનોટોપી નામના નાનકડા ગામમાં સ્થાપવામાં આવી છે, જ્યાંની વસ્તી ૧૫૦ કરતાં પણ ઓછી છે. એક બિશપ દ્વારા કરવામાં આવેલી પવિત્ર વિધિ બાદ યોજાયેલા આ સમારોહમાં, હેલિકોપ્ટર દ્વારા વિશાળ જનમેદની પર નાનકડા લાલ ગુલાબ વરસાવવામાં આવ્યા હતા. સફેદ વસ્ત્રોમાં સજ્જ પૂજારીઓએ વિશેષ પ્રાર્થના કરી હતી અને લોકપ્રિય ‘માઝોવ્સે’ લોકસંગીત જૂથે પરંપરાગત પોલિશ સંગીત પર ગીતો ગાયા અને નૃત્ય કર્યું હતું. આ ૨ કરોડ પાઉન્ડના ખર્ચે બનેલા સ્મારકને પૂર્ણ થવામાં લગભગ ૧૮ મહિનાનો સમય લાગ્યો હતો. આ પ્રતિમા બ્રાઝિલના રિયો ડી જેનેરોમાં આવેલી ‘ક્રાઇસ્ટ ધ રિડીમર’ની પ્રતિમા કરતાં પણ ઊંચી છે, જે તેના પેડેસ્ટલ સહિત ૧૨૫ ફૂટ ઊંચી છે. આ પ્રતિમા પશ્ચિમ પોલેન્ડના સ્વિબોડઝિન શહેરમાં વર્ષ ૨૦૧૦ માં અનાવરણ કરાયેલી ‘ક્રાઇસ્ટ ધ કિંગ’ની પ્રતિમા કરતાં પણ ઊંચી છે, જે જમીનથી લગભગ ૧૭૦ ફૂટ ઊંચી છે. જો કે, મધર મેરીની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ફિલિપાઇન્સમાં આવેલી છે, જેની ઊંચાઈ ૩૨૨ ફૂટ છે. પોલેન્ડના પૂર્વ પ્રમુખ અને પોલિશ સામ્યવાદ વિરોધી આંદોલનના નેતૃત્વ માટે નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા લેચ વાલેસા આ ઉદ્ઘાટન સમારોહમાં પ્રથમ પંક્તિમાં બિરાજમાન હતા.

# ચેટજીપીટી 24 કલાક તમારા કામ પર નજર રાખશે: સેમ ઓલ્ટમેનનો દાવો

**6 મહિનામાં** ચેટજીપીટી કમ્પ્યુટર સ્ક્રીન, મીટિંગ અને કોલ્સનો સંદર્ભ સમજીને યુઝરને આપશે પર્સનલ આસિસ્ટન્ટ જેવી મદદ

**માહિતીની** એક્સેસ આપવાનો નિર્ણય યુઝરના હાથમાં રહેશે

નવી દિલ્હી, તા. 18: ઓપનએઆઈ (OpenAI)ના સીઈઓ સેમ ઓલ્ટમેને આગામી છ મહિનામાં તેમના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટજીપીટી (ChatGPT) કયા સ્તરે પહોંચી શકે છે તે અંગે એક મહત્વનો ખુલાસો કર્યો છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યનું ચેટજીપીટી યુઝરની કમ્પ્યુટર સ્ક્રીન, ઓનલાઈન મીટિંગ્સ અને કોલ્સને ‘ચોવીસે કલાક’ જોઈ અને રેકોર્ડ કરી શકશે. આનાથી એઆઈ યુઝરના દૈનિક કામકાજનો સંપૂર્ણ સંદર્ભ સમજીને વધુ અસરકારક રીતે મદદ કરી શકશે. યુઝર્સ પોતાની ઈમેઈલ, મેસેજ, સ્લેક અને ડોક્યુમેન્ટ્સ જેવી સેવાઓને પણ આ એઆઈ સાથે સીધી જોડી શકશે.

જોકે, સર્વેલન્સ અને પ્રાઈવસીની દ્રષ્ટિએ આ બાબત થોડી ડરામણી પણ લાગી શકે છે. આ અંગે સ્પષ્ટતા કરતા ઓલ્ટમેને જણાવ્યું હતું કે યુઝર પોતે નક્કી કરી શકશે કે એઆઈને કઈ માહિતીની એક્સેસ આપવી. એઆઈ યુઝરના નિર્ણય લેવાને બદલે તેની સાથે એક સહાયક તરીકે કામ કરશે. ઉદાહરણ તરીકે, જો તમે કોઈ બિઝનેસ પ્રપોઝલ કે ડોક્યુમેન્ટ લખી રહ્યા હશો, તો એઆઈ ગ્રાહકના જૂના ઈતિહાસ અને ડોક્યુમેન્ટ્સને ધ્યાનમાં રાખીને આપોઆપ યોગ્ય સૂચનો આપશે અથવા ભૂલો સુધારશે. ઓલ્ટમેનના મતે, ખાસ કરીને સ્ટાર્ટઅપ સીઈઓ અને ભારે કામનું ભારણ ધરાવતા લોકો માટે આ એઆઈ એક વધારાના મદદગાર હાથ સમાન સાબિત થશે.

ઓપનએઆઈએ આ દિશામાં કામ કરવાની શરૂઆત પણ કરી દીધી છે. તાજેતરમાં જ તેમણે મેક કમ્પ્યુટર માટે ચેટજીપીટી એપમાં ‘કમ્પ્યુટર હિસ્ટ્રી’ ફીચર રજૂ કર્યું છે, જે યુઝરના એપ્સ અને વેબસાઈટ પરના કામકાજ પર નજર રાખે છે. ઓલ્ટમેનનું માનવું છે કે આગામી છ મહિનામાં જ આ પ્રકારનું અત્યંત શક્તિશાળી એઆઈ આસિસ્ટન્ટ લોકો માટે વાસ્તવિક રીતે ઉપયોગી બની જશે.

# “નેતાઓ પોતાના બાળકોને 1 દિવસ ગામડાની શાળામાં મોકલે”

**CJP** ફાઉન્ડર અભિજિત દીપકેનો પ્રહાર

મહારાષ્ટ્રમાં ‘સ્કૂલ ઠીક કરો’ અભિયાન તેજ 15 વર્ષમાં સ્થિતિ ન બદલાઈ, ગામનાં બાળકો હજુ પગપાળા શાળાએ જાય છે

હિંગોલી (મહારાષ્ટ્ર), તા. 18 (પીટીઆઈ): મહારાષ્ટ્રના હિંગોલીમાં શાળાને લગતા પ્રશ્નોને લઈને વિરોધ પ્રદર્શન દરમિયાન CJPના સ્થાપક અભિજિત દીપકેએ મંગળવારે કહ્યું હતું કે મંત્રીઓ અને રાજકારણીઓને પોતાના બાળકોને ઓછામાં ઓછા એક દિવસ ગામની શાળામાં મોકલવા જોઈએ જેથી ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે પડતી મુશ્કેલીઓનો તેમને ખ્યાલ આવે. દીપકેએ મહારાષ્ટ્ર સરકાર પર ગ્રામ્ય વિદ્યાર્થીઓ માટે મૂળભૂત પરિવહન સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ રહેવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું કે નેતાઓ ચૂંટણી રેલીઓ માટે બસ અને ટ્રેનની વ્યવસ્થા કરી શકે છે, પરંતુ ગરીબ બાળકોને શાળાએ જવા માટે એક બસ પણ આપી શકતા નથી.

મણે કહ્યું કે દૂરના વિસ્તારોમાં બાળકોને ઘણી વખત શાળાએ પહોંચવા માટે 7થી 10 કિલોમીટર સુધી પગપાળા જવું પડે છે. ચોમાસામાં રસ્તા કાદવ અને પાણીથી ભરાઈ જાય ત્યારે તેમની મુશ્કેલી વધુ વધી જાય છે.

ગત અઠવાડિયે હિંગોલી જિલ્લાના પોતાના ગામથી ‘સ્કૂલ ઠીક કરો’ અભિયાન શરૂ કરનાર દીપકેએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં રાજકીય ચર્ચાએ લોકોને જાતિ અને ધર્મના આધારે વિભાજિત કર્યા છે, જ્યારે શિક્ષણ અને રોજગાર જેવા મૂળભૂત મુદ્દાઓ હજુ ઉકેલાયા નથી. લોકોને એકબીજા સાથે લડાવવામાં આવે છે જ્યારે જેઓ સત્તામાં છે તેઓ આનો ફાયદો ઉઠાવે છે અને સામાન્ય માણસને પીડા વેઠવી પડે છે. તેમણે આદિવાસી અને ગરીબ બાળકો માટે પોતાની લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. તાજેતરમાં અમરાવતીના મેલઘાટ અને ગડચિરોલીની આદિવાસી નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓનાં મોતનો પણ તેમણે ઉલ્લેખ કર્યો.

દીપકેએ કહ્યું કે ગ્રામ્ય વિસ્તારોમાં છોકરીઓએ પગપાળા શાળાએ જવું પડે છે. તેમણે પોતાના ભાઈ-બહેનોને પણ બાળપણમાં પગપાળા શાળાએ જતા જોયા છે. તેમણે કહ્યું કે 15 વર્ષ બાદ પણ સ્થિતિ બદલાઈ નથી, જે શરમજનક છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમનું અભિયાન સરપંચો કે ગ્રામજનો વિરુદ્ધ નથી, પરંતુ તેમની સાથે મળીને શાળાઓ સુધારવાનો પ્રયાસ છે.

તેમણે રાજકારણીઓ અને ગરીબોના બાળકોને મળતી સુવિધાઓમાં ભેદભાવની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું તેમના બાળકો અમેરિકામાં ભણે છે.

# અનિલ મેનન અને સોફી એડનોટે સ્પેસ વૉક કર્યું

**એક** એન્ટેના બદલવા માટે બંને અવકાશયાત્રીઓ ISSની બહાર નીકળ્યા

**ભારતીય** મૂળના મેનનનું આ બીજું સ્પેસવોક, સોફી સ્પેસવોક કરનારા પ્રથમ ફ્રેન્ચ મહિલા બન્યા


વોશિંગ્ટન, તા. ૧૮(પીટીઆઈ): અંતરિક્ષયાત્રીઓ અનિલ મેનન અને સોફી એડેનોટે મંગળવારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(ISS)ની બહાર નીકળીને ઓર્બિટલ લેબના સ્પેસ-ટુ-ગ્રાઉન્ડ એન્ટેનાને બદલવાની કામગીરી કરવા માટે સ્પેસ વૉક શરૂ કર્યું હતું.

આ સ્પેસવોક મેનન માટે બીજી સ્પેસવોક હશે, જેમના મૂળ ભારતના કેરળ રાજ્ય સાથે જોડાયેલા છે, જ્યારે એડેનોટ માટે આ પ્રથમ સ્પેસવોક છે. યુરોપિયન સ્પેસ એજન્સીના એસ્ટ્રોનોટ એડેનોટ, સ્પેસવોક કરનારા પ્રથમ ફ્રેન્ચ મહિલા બન્યા છે. પૃથ્વીથી ૨૬૦ માઈલની ઊંચાઈએ પરિભ્રમણ કરી રહેલા ISSના બેકબોનના મધ્ય ભાગમાં આવેલા ‘Z1 ટ્રસ’ તરફ આગળ વધતા પહેલા, મેનન અને એડેનોટે ‘બડી ચેક’(એકબીજાની સુરક્ષા તપાસવાની) પ્રક્રિયા પૂર્ણ કરી હતી. આ સ્પેસવોક સવારે ૮:૩૭ વાગ્યે (EDT) શરૂ થઈ હતી અને છ કલાક અને ૩૦ મિનિટ સુધી ચાલે તેવી શક્યતા છે. આ એન્ટેના એ નાસા માટે ડેટા ટ્રાન્સમિટ કરવાનો એક અત્યંત મહત્વપૂર્ણ સંપર્ક સ્ત્રોત છે, જે હ્યુસ્ટન સ્થિત મિશન કંટ્રોલ સેન્ટર અને સ્પેસ સ્ટેશન વચ્ચે હાઈ-સ્પીડ કમ્યુનિકેશન શક્ય બનાવે છે. આ મહિનાની શરૂઆતમાં, મેનન અને નાસાના એસ્ટ્રોનોટ જેસિકા મીરે સ્ટેશનની બહાર છ કલાક અને ૨૭ મિનિટ વિતાવ્યા હતા, જેમાં તેમણે સોલર એરેના ઈન્સ્ટોલેશન માટે સ્પેસ સ્ટેશનની પાવર સિસ્ટમના એક ભાગને તૈયાર કર્યો હતો.

# ધનવાનોની કિંમતી વસ્તુઓ સાચવવા માટે સ્વીસ પર્વતમાળામાં ખાસ ગુફાઓ બની રહી છે!

**એક** સિક્યુરિટી કંપની પર્વતમાળામાં ૩૩૦ ફૂટથી વધુ ઉંડાઇએ ગુફાઓ કોતરી રહી છે, જે સેફ વોલ્ટનું કામ કરશે

**આ** ગુફાઓમાં ઉંચી ફી ભરીને વસ્તુઓ મૂકી શકાશે, કટોકટીના સમયે માણસો પણ આશરો લઇ શકશે



ઝુરીચ, તા. ૧૮: હવે પર્વતોમાં ગુપ્ત અડ્ડા માત્ર જાસૂસી નોવેલના આંખ પર પટ્ટી બાંધનારા અને બિલાડી રમાડતા વિલનો પૂરતા મર્યાદિત નથી રહ્યા.જો તમારી પાસે લગભગ અડધો મિલિયન પાઉન્ડ જેટલી ફાજલ રકમ હોય, તો હવે તમે પણ સ્વિસ પર્વતમાળામાં ૩૩૦ ફૂટથી વધુ ઊંડાઈએ આવેલું અતિ-ઉચ્ચ સુરક્ષા ધરાવતું વોલ્ટ ખરીદી શકો છો.

સ્વિસ સિક્યોરિટી ફર્મ ‘બ્રુનિગ મેગા સેફ’ ચૂનાના પથ્થરોમાંથી ૨૫ જેટલી ગુફાઓ ખોદવા પર કામ કરી રહી છે. તે આ વોલ્ટ્સનો ઉપયોગ કરવાનો અધિકાર વેચી રહી છે - જેનો હેતુ કિંમતી કળાકૃતિઓ, કાર, વાઈન, સેફ્ટી ડિપોઝિટ બોક્સ અને અન્ય કિંમતી અસ્કયામતોનો સંગ્રહ કરવાનો છે - અને તે માટે સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપે છે. કંપનીનો દાવો છે કે તે જાન્યુઆરીમાં બ્રુનિગમાં ઉત્ખનન શરૂ કરી રહી છે અને તેના વોલ્ટ્સ ‘સ્વિસ નેશનલ બેંકની સમકક્ષ’ હશે. બ્રુનિગ મેગા સેફના ચેરમેન મસ ગેસરે જણાવ્યું હતું કે: તમારે સૌથી પહેલાં એક વિશેષ ચેકપોઈન્ટમાંથી વાહન ચલાવીને જવું પડશે અને તમારા વાહનની બહાર નીકળવું પડશે: ત્યાં સુરક્ષાની કેટલીક તપાસ થશે, જે જાહેર કરવામાં આવશે નહીં. વોલ્ટ્સની ઊંડાઈના કારણે, ત્યાં કુદરતી રીતે ૧૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેશે, જે અતિ કિંમતી શરાબ અને કળાકૃતિઓના સંગ્રહ માટે ઉત્તમ છે. પરંતુ વૈશ્વિક અસ્થિરતા અને દેશો વચ્ચે વધતા તણાવ, સાથે હવામાન પરિવર્તનના જોખમને જોતાં, આ ગુફાઓને આપત્તિના સમયે મનુષ્યો માટે આશ્રયસ્થાન તરીકે પણ રજૂ કરવામાં આવી રહી છે.

# ફિલિપાઈન્સમાં વિદ્યાર્થીએ સાથીને ગોળી મારી પોતે આપઘાત કર્યો

**બોડી** કેમેરાથી હુમલાનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું; 2 લોકો ઘાયલ

**2** મહિનામાં દેશમાં શાળામાં હિંસાનો બીજો બનાવ

મનિલા, તા. 18 (એપી): ફિલિપાઈન્સની દક્ષિણમાં આવેલી એક હાઈસ્કૂલમાં મંગળવારે એક વિદ્યાર્થીએ 2 પિસ્તોલથી સાથી વિદ્યાર્થીની ગોળી મારી હત્યા કરી અને ત્યારબાદ પોતે પણ આપઘાત કર્યો હતો. પોલીસે અને અધિકારીઓએ જણાવ્યું કે વિદ્યાર્થીએ પોતાના શરીર પર લગાવેલા કેમેરાથી સમગ્ર હુમલાનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું હતું. 2 મહિનામાં દેશમાં શાળામાં આ પ્રકારની બીજી ઘાતક ગોળીબારની ઘટના છે.

ઝામ્બોઆંગા શહેરમાં આવેલા એટેનિયો ડી ઝામ્બોઆંગા યુનિવર્સિટી કેમ્પસની હાઈસ્કૂલ બિલ્ડિંગમાં ગોળીબાર થતાં સેંકડો વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં 2 અન્ય લોકો ઘાયલ થયા હતા.

પોલીસે હુમલાખોરની ઓળખ ધોરણ 9ના વિદ્યાર્થી મોહમ્મદ માએલ જલાની તરીકે કરી હતી. પ્રાથમિક અહેવાલ મુજબ તેણે વર્ગખંડની સામે બેઠેલા શિક્ષક પર ગોળી ચલાવી, પરંતુ તે બચી ગયો. ત્યારબાદ જલાનીએ બિલ્ડિંગના ચોથા માળે એક ધોરણ 10ના વિદ્યાર્થીને ગોળી મારી અને પાંચમા માળે જઈને આપઘાત કર્યો હતો.

ગૃહ સચિવ જોનવિક રેમુલાએ કહ્યું કે જલાનીએ ફેસબુક લાઈવ પર હુમલાના કેટલાક ભાગનું પ્રસારણ કર્યું હતું. પોલીસે આ બનાવની તપાસ શરૂ કરી છે સાથે જ જલાનીની ગેમિંગ અને ચેટ હિસ્ટ્રીની તપાસ શરૂ કરી છે.

આ ઘટના જૂનમાં ટાક્લોબાન શહેરમાં એક શાળામાં થયેલા ગોળીબાર બાદ બની છે, જેમાં 3 વિદ્યાર્થીઓનાં મોત અને ઓછામાં ઓછા 20 લોકો ઘાયલ થયા હતા. ત્યારબાદ ફિલિપાઈન્સમાં ગેમિંગ એપ ગોરબોક્સને પણ અસ્થાયી રીતે બ્લોક કરવામાં આવી હતી.

# નાગપુરની ૧૨ શાળાને બોમ્બની ધમકી મળી

નાગપુર, તા. 18 (PTI) મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં મંગળવારે વહેલી સવારે એક ડઝનથી વધુ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેઈલ મળ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. જોકે, પોલીસ તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી.

અધિકારીઓએ જણાવ્યું કે, જીમેઈલ એકાઉન્ટ પરથી મોકલવામાં આવેલા આ ઈમેઈલમાં 31 ઓગસ્ટે સ્કૂલોમાં વિસ્ફોટ થશે એવો દાવો કરવામાં આવ્યો હતો, જેને પોલીસ અફવા ગણાવી રહી છે.

નાગપુર પોલીસ તુરંત હરકતમાં આવી ગઈ હતી અને કેટલીક ટીમોને સ્કૂલોમાં રવાના કરવામાં આવી હતી. વ્યાપક તપાસ બાદ આ ધમકી એક અફવા સાબિત થઈ હતી. કારણ કે, કોઈપણ સ્કૂલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યા નહોતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ધમકીભર્યા ઈમેઈલમાં જણાવાયું હતું કે 31 ઓગસ્ટે બપોરે 1.11 વાગ્યે સ્કૂલોમાં, બપોરે 2.11 વાગ્યે અદાલતોમાં અને બપોરે 3 વાગ્યે ઓફિસોમાં વિસ્ફોટ થશે.

ઈ-મેઈલમાં ખાલિસ્તાન, આરએસએસ, બીજેપી અને કેટલાક રાજકીય નેતાઓનો પણ ઉલ્લેખ હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમેઈલના સ્ત્રોત અને તેને મોકલનારની શોધખોળ કરવા માટે તપાસ ચાલી રહી છે અને આ અંગે ગુનો નોંધવામાં આવશે.

# ધારાસભ્ય પલ્લવી નવજાત બાળક સાથે વિધાનસભા પહોંચ્યાં

**ટીકાઓના** જવાબમાં તેમણે કહ્યું, ‘બાળકને ઘરે એકલું કેવી રીતે છોડી શકું?’

**વિધાનસભા** કાર્યવાહી દરમિયાન બાળકની દેખરેખ એક સંભાળ રાખનાર વ્યક્તિ કરે છે



ચેન્નાઈ, તા. 18 (પીટીઆઈ): તમિલનાડુમાં ટીવીકેના પ્રથમ વખત ધારાસભ્ય બનેલા આર. પલ્લવીએ ચાલુ વિધાનસભા સત્ર દરમિયાન પોતાના નવજાત બાળકને સાથે લાવીને ચર્ચા જગાવી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પલ્લવી પોતાના બાળકને વિધાનસભા પરિસરમાં સાથે લાવે છે અને ગૃહની કાર્યવાહી માટે મુખ્ય હોલમાં પ્રવેશતી વખતે બાળકની દેખરેખ એક સંભાળ રાખનારને સોંપે છે.

બાળકની સંભાળ રાખનાર વ્યક્તિ વિધાનસભા હોલની નજીક આવેલા એક રૂમમાં પલ્લવી પરત ફરે ત્યાં સુધી નવજાતની દેખરેખ રાખે છે. તાજેતરમાં પલ્લવી પોતાના બાળકને વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી અને ટીવીકેના સ્થાપક સી. જોસેફ વિજય પાસે પણ લઈ ગયા હતા. વિજયે બાળકને આશીર્વાદ આપ્યા હતા. સોશિયલ મીડિયા પર પલ્લવી બાળકને દરેક જગ્યાએ સાથે લઈ જઈને ‘દ્રશ્ય ઊભું કરી રહ્યાં છે’ એવી ટીકા થઈ હતી.

# 40 કરોડનો રોડ ‘પાણી’માં

**ઈન્દોરમાં** પ્રેશર ટેસ્ટિંગમાં જ સ્માર્ટ સિટીનો રસ્તો ધસી પડ્યો

**વાહન** ચાલકોમાં ભાગદોડ, વીડિયો વાયરલ થયો



ઈન્દોર, તા. 18: મધ્ય પ્રદેશના ઈન્દોરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ રૂ. 40 કરોડના ખર્ચે બનેલો રોડ નવી વોટર પાઈપલાઈનના ટેસ્ટિંગ દરમિયાન ધસી પડ્યો હતો. 24 કલાક પાણી પુરવઠો આપવા માટે નાખવામાં આવેલી પાઈપલાઈનમાં હાઈ પ્રેશરથી પાણી છોડવામાં આવતા જ રોડનું સરફેસ તૂટી ગયું હતું અને રસ્તા પરથી પાણી વહેવા લાગ્યું હતું.

આ ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં અચાનક રસ્તો તૂટતા વાહનચાલકો અને રાહદારીઓ ભાગતા નજરે પડે છે.

માત્ર પ્રેશર ટેસ્ટિંગ દરમિયાન જ રોડ તૂટી જતાં તેના બાંધકામ અને ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઈન્દોર મહાનગરપાલિકાના સભ્ય અને માહિતી સમિતિના વડા રાજેન્દ્ર રાઠોડે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે રૂ. 1,000 કરોડના સ્માર્ટ સિટી પ્રોજેક્ટના અનેક કામોની ગુણવત્તા સામે અગાઉ પણ સવાલો ઉઠ્યા હતા, પરંતુ માત્ર નોટિસ આપવા સિવાય કોઈ કડક કાર્યવાહી કરાઈ નહોતી.